## ચાર્નવૂડ બરો કાઉન્સિલ વિશે...

ચાર્નવૂડ ખૂબસુરત ગ્રામીણ વિસ્તારો તેમજ દોડધામવાળી યૂનિવર્સિટી સાથેના એક આકર્ષક મિશ્રણવાળું નગર છે.

લગભગ **164,000** કરતાં વધુની વસ્તી સાથેની આ બરો ઈંગ્લેન્ડના સૌથી મોટામાં મોટા જિલ્લાઓમાંનો એક છે. તે નોટિંગહમ, લેસ્ટર અને ડાર્બિના ત્રિકોણની વચ્ચોવચ આવેલ છે.

સ્થાનિક કાઉન્સિલ ચાર્નવૂડ બરો કાઉન્સિલ છે અને અમે નીચેની સેવાઓ માટે જવાબદાર છીએ:

- કચરો લઈ જવો અને રીસાઈકલિંગ
- રસ્તાઓની સફાઈ
- પર્યાવરણીય આરોગ્ય (જીવાતો પર નિયંત્રણ, રખડતાં કૂતરાં, ખોરાકી સુરક્ષા, પર્યાવરણીય રક્ષણ, લાઈસન્સો આપવા, આરોગ્ય અને સુરક્ષા)
- રમતગમત અને ફૂરસદના સમયની પ્રવૃત્તિઓ (લેઝર સેન્ટરો, બગીચાઓ, રમતનાં મેદાનો)
- કલાકારીગરી અને સંસ્કૃતિ (મ્યુઝિયમ, ટાઉન હોલ, ગ્રામીણ પ્રવાસો)
- નવા ધંધા વેપારો માટે ટેકો અને નવા વેપારી વિકાસો

જ્યારે રસ્તાઓ, સોશિયલ સર્વિસીસ, સ્કૂલો તેમજ પોલીસ સેવાઓનું સંચાલન લેસ્ટરશાયર કાઉન્ટિ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે (ટેલિફોન નંબર: **0116 305 6252)**

## અમારી દુભાષિયા (ઈન્ટરપ્રિટર)ની સેવાનો ઉપયોગ કરવો

ચાર્નવૂડમાં રહેતાં અને કામ કરતાં તમામ લોકો અમારી સેવાઓ મેળવી શકે એવું અમે ઈચ્છીએ છીએ. અમે સ્વીકારીએ છીએ કે દરેક જણની પહેલી ભાષા અંગ્રેજી નથી અને એટલા માટે અમે તમારી જરૂરતો પૂરી કરવા માટે જુદી જુદી દુભાષિયાની અને ભાષાંતરની સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરીએ છીએ.

ફોન પર

જો તમે કાઉન્સિલનો સંપર્ક કરવા માગતાં હો અને તમારી પહેલી ભાષા અંગ્રેજી ન હોય, તો અમે તમારા માટે ફોન પર દુભાષિયા પૂરા પાડીશું. કાઉન્સિલ તાત્કાલિક દુભાષિયાની સુવિધા પૂરી પાડતી એક કંપનીની સેવાનો ઉપયોગ કરે છે.

આ સેવાનો ઉપયોગ કરવા માટે **01509 634560** પર ફોન કરો. તમે એકવાર કસ્ટમર સર્વિસ એડવાઈઝર (ગ્રાહકોને સલાહ આપનાર સલાહકાર)નો સંપર્ક કરશો ત્યારે તેઓ તમને નીચેની વિગતો પૂછશે ...

- ટેલિફોન નંબર,
- તમારે કઈ ભાષામાં વાત કરવી છે,
- તમારું નામ,
- અને જો શક્ય હોય તો તમે શેના વિષે પૂછપરછ કરી રહ્યાં છો, દા.ત. હાઉસિંગ, પ્લાનિંગ, બેનિફિટો વગેરે.

તે પછી એક દુભાષિયા તમને પાછો ફોન કરશે અને તમારી પૂછપરછનું વધારે વિગતવાર ભાષાંતર કરી આપશે. કસ્ટમર સર્વિસ એડવાઈઝરનો હેતુ તમારી પૂછપરછનો બને તેટલો પૂરેપૂરો જવાબ આપવાનો રહેશે, પરંતુ તમારી પૂછપરછ કેટલી જટિલ છે તેના આધારે, તે અનુસાર યોગ્ય કર્મચારી સભ્ય અને દુભાષિયા સાથે રૂબરૂમાં મુલાકાત કરવા માટેની અલગ અપોઈન્ટમેન્ટ ગોઠવવાનું જરૂરી બની શકે.

કાઉન્સિલમાં રૂબરૂ આવવું

અમારી પાસે અનેક ભાષાઓ બોલતા દુભાષિયાઓ છે જેઓ સ્થળ પર જ ભાષાંતર કરવા માટે ઉપલબ્ધ હોય છે. જ્યારે અમે તમારી ભાષા બોલનાર દુભાષિયા પૂરા નહિ પાડી શકીએ, અથવા જો ઈન્ટરવ્યૂ જટિલ પ્રકારનો અથવા લાંબો હશે તો અમે

કદાચ બીજી સંસ્થાઓ પાસેથી વ્યવસાયિક દુભાષિયાની સેવા ખરીદીએ એવું બને. તમારી જેમની સાથે અપોઈન્ટમેન્ટ હશે તે ઓફિસર આની ગોઠવણ કરી આપશે. અથવા જે મુલાકાતીઓને તેમની પૂછપરછ કરવામાં મદદ માટે દુભાષિયાની જરૂરત હોય તેમના માટે કાઉન્સિલ તેના કસ્ટમર સર્વિસ સેન્ટર, એટલે કે મુખ્ય રીસેપ્શન પર પણ ટેલિફોન પર દુભાષિયાની સેવા મેળવી આપી શકે છે.

કાઉન્સિલના દસ્તાવેજોનું ભાષાંતર કરવું

અમે તમામ પ્રકાશનોનું લેખિતમાં અને ઓડિયો ટેપ પર ભાષાંતર પૂરું પાડીએ છીએ. કાઉન્સિલનો કોઈ દસ્તાવેજ અંગ્રેજી સિવાય બીજી કોઈ ભાષામાં મેળવવા માટે કૃપા કરીને **01509 634560** પર ફોન કરો.

વધારે માહિતી માટે કૃપા કરીને **01509 634560** પર ફોન કરો અને તમારો પોતાનો ટેલિફોન નંબર તેમજ તમે કસ્ટમર સર્વિસ એડવાઈઝર સાથે કઈ ભાષામાં વાત કરવા માગો છો તેની વિગત તૈયાર રાખો.